महा महोपाध्याय शीघ्र कवि

श्रीजी शंकरलाल विरह काव्यम्.

રચનાર,

પુરૂષોત્તમ કુબેરજી શુક્લ.

મુ. મોરબી.

પ્રકાશક,

શ્રીમાન્ શેઠશ્રી ચુનીલાલ વનેચંદભાઇ પારેખ.

મુ. મોરબી.

પ્રત ૫૦૦. આવૃત્તિ પહેલી.

સંવત ૧૯૭૩ સને ૧૯૧૭.

અમદાવાદ,

ધી "યુનિયન" પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડ ટંકશાળમાં

મોતીલાલ સામળદાસે છાપ્યું.

કિંમત.

અર્પણ પત્રિકા.

રા. રા. ધર્મનીષ્ઠ ભગવત્ ભક્તિ પરાયણ

શ્રીયુત્ ચુનીલાલભાઇ વનેચન્દભાઇ.

મુ. મોરબી.

શ્રીમાન્ મહા મહોપાધ્યાય સિદ્ધ કવિ શાસ્ત્રીવર્ય શ્રી શંકરલાલ માહેશ્વરના આપ પરમકૃપાપાત્ર શિષ્ય અને ભક્ત છો, વેદાન્તાદિ શાસ્ત્રોના અભ્યાસક અને ભક્તિ તથા જ્ઞાનથી પરમ ગતિ પામેલા આપના વૃદ્ધ જનોએ સ્થાપેલ મુમુક્ષુ વર્ગોદ્ધારક સભાના આપ પોષક છો. આપનો સદ્ગુરૂ શાસ્ત્રીજી પ્રતિ અપ્રતિમ અનન્ય શુદ્ધ ગુરૂભાવ પ્રેમભાવ તથા ભક્તિભાવ છે. આપ આપના પરમજ્ઞાની, પરોપકારી, ભક્તાનુરાગી અને દાન દયાના સમુદ્ર એવા પુજ્ય વડીલોનાજ પગલે નાની વયથી વર્તન રાખો છે. આવા આવા આપના અનેક સદ્ગુણોથી પ્રેરાઇ આ વિરહ કાવ્ય આપનેજ અર્પણ કરવા યોગ્ય છે તેથી આ લઘુ પુસ્તક આપનેજ સમર્પણ કરી મારામાં રહેલ શુદ્ધ ગુરૂભક્તિનું પ્રાગટ્ય કરી આત્માને કૃતાર્થ માનુ છું.

મુ. મોરબી,
તા. ૫—૧—૧૭.

લી૦ શુકલ પુરૂષોત્તમ કુબેરજી
ના શુભાશિર્વાદ.

॥ अर्पणपत्रम् ॥

शार्दूलविक्रीडितम्

सौजन्यादि गुणाम्बुधे श्रुति शिरः
शास्त्र प्रबोधांकित ।
सद्वैश्या भरणत्वमे वहचुनी
लालाधुना धार्मिकः ॥
दृष्ट्वातो भवदीय सद्गुण गणान्
भावंपरं श्री गुरौ ।
सत्पुस्तं गुरु शोक दर्शन मरम्
तुभ्यम् निवेद्यकृतिः ॥

लेखकः शुक्ल कुबेरजि दात्मजः
पुरुषोत्तम शर्मा । मोरवी ।
शुभाशिः परंपरा निवेद्यते, तेन ॥

પ્રસ્તાવના.

સદ્‌ગત મહાત્માશ્રી મહા મહોપાધ્યાય શાસ્ત્રીજી શિઘ્રકવિ શંકરલાલ માહેશ્વર ભટ્ટના સ્વર્ગવાસથી સર્વ સજ્જનો, સંસ્કૃત વિદ્યાનુરાગીજનો અત્યંત શોક સમુદ્રમાં નિમગ્ન થયા છે. નેત્રમાંથી અત્યંત અશ્રુધારા વર્ષાવતો વિદ્યાર્થી વર્ગ તથા મુમુક્ષુ વર્ગ શોકથી રૂદન કરે છે. તેમના જીવનની સવિસ્તર હકીકત લખતાં એક મોટું રસીક પુસ્તક તૈયાર થશે. આ લઘુ ગ્રન્થમાં તો તેમના અનુપમગુણોથી મોહીત થઇને વિરહોદ્‌ગાર કાઢયા છે. તેઓ મહાદેવના એક ગણના અવતાર હતા એમ કેટલીક રીતે માનીએ છીએ. તેઓ કુબેરનાથ મહાદેવના અનન્યભક્ત અને વરીષ્ઠ ગણ હોય એમ સર્વને જણાતું. કથા સરિત સાગરમાં વર્ણવેલ વરરૂચિ જેમ શંકરના ગણનો અવતાર હતો અને તેને સરસ્વતી પ્રસન્ન હતી અને તે કાત્યાયન કહેવાયો તેમજ શાસ્ત્રીજીને પણ સાક્ષાત્‌ સરસ્વતી સાધ્ય હતા. તેમની શિઘ્ર કાવ્ય શક્તિ અને અવધાન શક્તિ અદ્વિતિય હતાં. વિદેશીય પંડિતો જેમ કવિકુલ ગુરૂ કાળીદાસ ઉપર મોહ પામ્યા છે તેમજ શાસ્ત્રીજી ઉપર પણ મોહ પામ્યા છે.

તેઓ ઘણા કાવ્યો નાટકો ચુંપુઓ લખી ગયા છે. વિદ્વાનો કાઠીઆવાડના ચન્દ્રની તેમને ઉપમા આપતા. મહા મહોપાધ્યાયનું માન માત્ર તેમનેજ કાઠીયાવાડમાં એકનેજ મળ્યું છે આવા આવા અનેક સદ્‌ગુણોનું સ્મરણ અને આવા મહાન્‌ પુરૂષનું નામ કાયમ રાખવાના હેતુવડે આ લઘુકાવ્ય સંસ્કૃત ટીકામાં રચીને તૈયાર કર્યું છે. તે પણ તેમનીજ પ્રસાદીનું ફલ છે. સદ્‌ગુણી સજ્જનો ગુણગ્રાહી પંડીતો તથા નવા નવા કાવ્ય તથા નાટય રચવામાં કુશલ કવિઓ પ્રસન્ન થઇને મારા આ અલ્પશ્રમને સ્વીકારશે એવી આશા રાખુ છું. આ પુસ્તકમાં કોઇ કોઇ સ્થળે અશુદ્ધતા હોય તો ગુણપક્ષપાતી પંડીતોએ હંસક્ષીર ન્યાયવડે શુદ્ધ કરવું કારણકે મનુષ્યો સ્વભાવથીજ સ્ખલન દોષવાળાજ છે. એજ,

મોરબી,
તા. ૫—૬—૧૭.

લી૦ પુરૂષોત્તમ કુબેરજી શુકલ.

ॐ तत्सत्

श्रीपतेहैमवसङ्गजाय नमः ॥

अथ महा महोपाध्याय

सद्गुरु शंकरलाल विरह काव्यम् ॥

ईश्वर स्मरणम्

अनुष्टुप्

श्रीशैलाधीश्वरं वन्दे करुणावरुणालयम् ॥
स्वभक्तजनता भीष्टार्पण कल्पमहीरुहम् ॥१॥

(टीका) પોતાના ભક્ત જનને ઇચ્છિત આપવામાં કલ્પદ્રુમ જેવા તથા કરૂણાના સમુદ્રરૂપ એવા શ્રી કૈલાસના અધિપતિ શ્રી શંકરને હું પ્રણામ કરૂં છું. ॥ ૧ ॥

शार्दूलविक्रीडितम् ॥

नामं नाममघघ्नमंघ्रि युगलं प्रालेय कन्येशितुः ।
स्मारं स्मारमहोदयामृत रसार्द्रंशम्भुलालं गुरुम् ॥
ध्यायं ध्यायमनेक काम फलदांतां वागधीशांवराम् ।
शोकोद्गार मुदश्रुणा गुरुवर स्येदंम या लिख्यते ॥२॥

શ્રી હિમાલયની કન્યાના પતિશ્રી મહાદેવના, પાપને ટાળનારા બન્ને ચરણુને નમીને, ને દયારૂપ અમૃત રસવડે કોમળ સદ્ગુરૂ શંકરલાલને સાંભળીને તથા અનેક કામનાનાં ફળોને આપનારા ઉત્તમ એવા શ્રી શારદાનુ ધ્યાન કરીને બહાર આવેલ અશ્રુવાળા હુંવડે શ્રી સદ્ગુરૂવરનો શોકોદ્ગાર લખાય છે. ॥ ૨

ये माहेश्वर भट्टमुख्यतनया दाक्षिण्यतालंकृताः ।
विद्यावार वधूविलासनिलयाः सौजन्य रत्नाकराः ॥
कारुण्यामृत रश्मयः स्वजनतानंद प्रसादप्रदाः ।
ते श्रीशंकरलाल सद्गुरुवराः कैलास शैलंगताः ॥३॥

જેઓ માહેશ્વર ભટ્ટના મુખ્ય પુત્ર દાક્ષિણ્યતાવડે શોભિતાને વિદ્યારૂપી સ્ત્રીના વિલાસભુવનરૂપને સૌજન્યતાના સમુદ્રરૂપને કરૂણતાના ચંદ્રરૂપ તથા પોતાના મનુષ્યના સમૂહને આનંદરૂપ પ્રસાદ દેનારા સદ્-ગુરૂમાં શ્રેષ્ઠ શંકરલાલ નામના હતા તેઓ કૈલાસ પર્વત પ્રતિ ગયા. ॥૩॥

ये त्वाबाल्यत आमहेश्वर पदारोहं प्रसन्नाशयैः ।
स्निग्धैः कामबलान्तकैः प्रमुदितैर्ब्रह्मप्रमोदप्लुतैः ॥
दान्तैः शुद्ध विचार पूतहृदयैर्नीतं वयः क्षीणताम् ।
ते श्री शंकरलाल सद्गुरुवराः श्रीशम्भुशैलंगताः ॥४॥

જેઓએ બાલ્યાવસ્થાથી માંડી શીવધામ જતાં સુધી પ્રસન્ન હૃદયવડે ને સ્નેહપણાવડે તથા શુદ્ધ વિચારવડે પવિત્ર હૃદયવડે ને બ્રહ્માનંદમાં મગ્નપણાવડે ઇન્દ્રિયોને નિયમમાં રાખવાવડે તથા કામ દેવના બળને નાશકરનારાવડે તથા પ્રસન્ન થયેલા વડે અવસ્થાને ક્ષય પમાડી તે સદ્ગુરૂ શંકરલાલ કૈલાસપ્રતિ ગયા. ॥ ૪ ॥

ये श्रीकेशवदेशिकेन्द्र चरणान्संसेव्यविद्याप्रदान् ।
तत्कारुण्यकलावलोक लहरीस्वायत्त विद्योदयाः ॥
वेदान्तार्णववाक्य रत्न सुमहद्बोध प्रदायेऽनिशम् ।
ते श्रीशंकरलाल सद्गुरुवराः सायुज्य मुक्तिंगताः ॥५॥

જેઓ વિદ્યાને આપનારા શ્રી કેશવજી ગુરૂના ચરણને સેવીને

તેની કૃપાના અંશના જોવાની છટાવડે પ્રાપ્ત થયેલ છે વિદ્યાનો ઉદય જેને તથા વેદાન્તરૂપ સમુદ્રના રત્નરૂપ વાક્યનો મોટો બોધ જે નિ-રતર આપનારા હતા તે સદ્‌ગુરૂમાં શ્રેષ્ઠ શંકરલાલ ગુરૂ કૈવલ્ય મુક્તિને પામ્યા. ॥ ૫ ॥

येवै भारतपूण्यतीर्थं निवहानानंदतः सादरम् ।
संसेव्याशुतदीय वर्णनमशेषंपद्यजालैः शुभैः ॥
कृत्वा शीघ्र कवीश्वरस्य पदवीं प्रापुः परांशाश्वतीम् ।
ते श्री शंकरलाल सद्‌गुरुवराः कैवल्य मुक्तिगताः ॥६॥

જેઓએ આદર તથા પ્રસન્નતાવડે ભારતભૂમિના સર્વ પૂણ્ય તીર્થના સમૂહોને સેવીને તથા તેઓનું સમગ્ર વર્ણન સારા પદ્યોવડે ઉતાવળથી કરીને ઉત્તમ તથા ચિરંસ્થાયી એવી શીઘ્ર કવીશ્વરની પદવીને પામ્યા તે સદ્‌ગુરૂ શંકરલાલ કૈવલ્યધામને પામ્યા. ॥ ૬ ॥

ये सत्काव्यसु नाटकादि विविध ग्रन्थान् विधाय द्रुतम्
जाताः सर्वजन प्रबोधगुरवो गांभीर्यरत्नालयाः ॥
श्रान्तापद्यविलेखने न परमायल्लेखिनी निर्मला
ते श्रीशंकरलाल सद्‌गुरुवराः कैलास शैलंगताः ॥७॥

જેઓ સારા કાવ્ય તથા સારા નાટક વિગેરે અનેક ગ્રંથોને તરત રચીને સર્વ મનુષ્યોને સારા બોધ આપનારા ગુરૂશ્રી થયા ને જેઓ ગાંભીર્યતાના સમુદ્ર હતા તથા જેમની નિર્મલ લેખિની પદ્ય લખવામાં શ્રાંત નહતી તે શ્રીશંકરલાલ ગુરૂ કૈલાસ પ્રતિ ગયા.॥૭॥

येषां काव्यगणं विलोक्य विबुधाः सान्द्रप्रमोदप्लुताः
स्वीयं भारकरं विमुच्य सहसा विद्यामरं निर्मलाः

ऊचुः शंकरलाल सद्गुरुवर त्वंशंकरः साम्प्रतम् ।
ते श्री शंकरलाल सत्वनिलया श्रीशम्भुशैलंगताः ॥८॥

જેઓના કાવ્યના સમૂહને જોઇને અત્યંત હર્ષમાં મગ્ન પંડિતો પોતાને ભાર કરનારા એવા વિદ્યાના ગર્વને તરત તજીને નિર્મળ થયા તથા જેઓને હે સત્વગુણના ભંડાર શંકરલાલ સદ્ગુરૂ તમો સાક્ષાત્ શંકર છો એમ કહ્યું તે શંકરલાલ ગુરૂ કૈલાસ પ્રતિ ગયા. ॥ ૮ ॥

यावज्जीवमिह प्रबोधवचनैर्हृद्यैः सुशान्तिप्रदैः ।
वेदान्तार्णव सर्व सार परमालंकार मालांकितैः ॥
चित्तं पंकिलमेव मंक्षुच मुमुक्षूणांकृतं निर्मलम्
यैस्ते शंकरलाल सद्गुरुवरा हाशार्वं शैलंगताः ॥९॥

જેઓએ જીવતા સુધી મનોહર તથા શાંતિ આપનારા તથા વેદાન્તરૂપ સમુદ્રના સર્વ સાર રૂપને ઉત્તમ અલંકારની પંક્તીથી શોભેલા સારા બોધના વચનવડે મુમુક્ષુ મનુષ્યોના મેલા હૃદયને તરત નિર્મળ કર્યા તે શ્રી શંકરલાલ સદ્ગુરૂ અરે કૈલાસપ્રતિ ગયા. ॥૯॥

येषां जन्म रसांग सप्तवसुधाशाके शुचौ मासि वै ।
पक्षेन्त्येबुधदिने तृतीय सुतिथौ माहेश्वरा ख्यात्पितुः ॥
सद्विद्याम्बुनिधेः समस्तजनता कल्याण संदोहदम् ।
ते श्री शंकरलाल सद्गुरुवरायातादिवं साम्प्रतम् ॥१०॥

જેઓનો જન્મ શક ૧૭૬૬માં આષાડ માસમાં કૃષ્ણ પક્ષમાં ત્રીજને બુધવારે સદ્વિદ્યાના સમુદ્રરૂપશ્રી માહેશ્વર ભટ્ટજી થકી સર્વે મનુષ્ય વર્ગને કલ્યાણ આપનાર થયો હતો તે સદ્ગુરૂ શંકરલાલ હમણાં સ્વર્ગમાં ગયા. ॥૧૦॥

वर्षे राम हयांकभू परिमिते ह्याहन्तमासे शुचौ ।
शुक्ले पंचदशो तिथौमिहिर जेवारे परान्हेदले ॥
आर्यावर्त वसुन्धरो दरलसन्सद्रत्न रत्नाकराः ॥
श्रीमच्छंकरलाल सद्गुरुवराह्यशम्भु लोकंगताः ॥११॥

જેઓ હિંદુસ્તાનની પૃથ્વીમાં શોભિતા રત્નના સમુદ્રરૂપ હતા, તે સદ્ગુરૂ શંકરલાલ સંવત ૧૯૭૩ના આષાડ શુદ પુનમને શનિવારે અપરાન્હ સમયમાં અરે કૈલાસ ગયા. ॥ ૧૧ ॥

हा सौशील्य महा चलोनिपतितः शुष्कः सुशब्दार्णवः ।
हा दूरं कविराज राजि मुकुटालंकार हीरो गतः ॥
वाणी दीव्यतमाबताद्य विधवाब्रह्म प्रमोदोहतः ।
श्रीमच्छंकरलाल सद्गुरुवरेष्वासेषु शर्वालयम् ॥१२॥

અરે સૌશીલ્યનો મોટો પર્વત પડી ગયો સારા શબ્દનો સમુદ્ર સુકાણો કવીરાજની પંક્તીના મસ્તકના ભૂષણનો હીરો ગયો દીવ્યવાણી અરે ખરેખર રંડાણી બ્રહ્માનંદ ગયો કે :જ્યારથી સદ્ગુરૂ શંકરલાલ કૈલાસપ્રતિ ગયા ત્યારથીજ. ॥ ૧૨ ॥

तत्कारुण्य कलावलोकन महोवाचाम साधारणम् ।
माधुर्यजनता विनोदनिलयं बोधार्पणे पात्रम् ॥
द्रष्टाकापिन पापपुंज दलिनींतामाकृति मानवो ।
श्रीमच्छंकरलाल सद्गुरु वरेष्वासेषु मुक्तिपराम् ॥१३॥

તેમનુ કરૂણાની કલાવડે જોવું તથા મનુષ્યને આનંદરૂપવાણીનું માધુર્યપણું તથા બોધ આપવામાં પ્રગલ્ભપણું વળી પાપના સમુદાયને નાશ કરનારી તેમની તેવી આકૃતિને જ્યારથી શ્રી શંકરલાલ સદ્ગુરૂ પરમમુક્તિને પામ્યા ત્યારથીજ મનુષ્ય જોનાર નથી. ॥૧૩॥

येषां दर्शनतः प्रशाम्यतितमश्चित्तारविन्द धृतम् ।
यत्पादाम्बुरुहद्वयार्चनमशेषा घौघ संहारकम् ॥
यन्नाम ग्रहणं समग्र हृदयाभीष्ठ प्रदंदेहिनाम् ।
ते श्री शंकरलाल सद्गुरुवरायातादिवं साम्प्रतम् ॥१४॥

જેમના દર્શનવડે હૃદયકમલમાં રહેલ અજ્ઞાન નાશ પામે છે. તથા જેમના ચરણકમલના યુગ્મનું પૂજન સકલ પાપના સમુહને નાશ કરનાર છે તથા જેમના નામનુ ગૃહણુ મનુષ્યોને સર્વ હૃદયના ઇચ્છિત આપનાર છે એવા સદ્દગુરૂ શંકરલાલ હમણુા સ્વર્ગે ગયા. ૧૪

श्रीमत्पंचमज्यॉर्ज भूपपतिनायेभ्योवितीर्णं महत् ।
छंदाढ्यं बिरुद वरं स्वयमुपाध्यायाभिधं दुर्लभम् ॥
ये यर्हिध्वजपत्तनेश गुरवोमान्यामहीशार्चिताः ।
ते श्रीशंकरलाल सद्गुरुवरायाताः परंशाम्भवम् ॥१५॥

રાજાઓમાં ચક્રવર્તી મહારાજાશ્રી પાંચમા જ્યૉર્જે જેઓને અન્યને દુર્લભ એવી શ્રી મહામહોપાધ્યાયની પદવી પોતે આપી હતી તથા જેઓ શ્રી મોરબીના મહારાજાના ગુરૂશ્રી તથા અનેક રાજાઓએ પૂજા કરેલા તથા માનેલા હતા તે સદ્દગુરૂ શંકરલાલ કૈલાસ ગયા. ૧૫

श्रीमद् व्याघ्रजितानृपेण बहवोपायाः कृतायत्कृते ।
शीघ्रं रोगनिषूदनाय विपुलद्रव्य व्ययेनानिशम् ॥
ते दैवे प्रतिकूलतामुपगते व्यर्थाबभूवुः क्षणात् ।
सश्रीमान् नृपवर्य्यगीत चरितोजीयाच्चिरंभूपतिः ॥१६॥

જેને વાસ્તે તરત રોગ ટાળવાને અર્થે ઘણા દ્રવ્યના ખર્ચવડે શ્રી વાઘજી બહાદુર નામના મોરબીના મહારાજાએ અનેક ઉપાયો

કર્યા તોપણ દૈવ પ્રતિકૂલ થવાથી બધાય ઉપાયો વ્યર્થ ગયા તો તે ઉપાય લેનાર મહારાજા વાઘજી ઘણા વર્ષ જીવો. એમ અમારી પ્રભુ પ્રતિ પ્રાર્થના છે. ॥ ૧૬ ॥

मन्दाक्रान्ता

ये कैलासं प्रथम मगमन् देशिकाः केशवाख्याः ।
मान्या लोके सदय हृदयास्तातपादा वरेण्याः ॥
ते सन्मित्र प्रवरमणयः श्रीजटाशंकराद्याः ।
दृष्ट्वास्वीयान्पर शिवपरान् तत्र सौख्यंलभस्व ॥१७॥

જે શ્રી કેશવજી ગુરૂ પ્રથમ કૈલાસ પ્રતિ ગયા તથા જગતમાં માન્ય અને દયા પૂર્ણ હૃદયવાળા ઉત્તમ માહેશ્વર ભટ્ટજી તથા સારા મિત્રોમાં મણિરૂપ શ્રી જટાશંકરજી વિગેરે જેઓ ત્યાં ગયા છે તે બધાય પોતાનાને ત્યાં પરશિવમાં પરાયણ એવાને જોઇને તમો ત્યાં મુક્તિ સુખને મેળવો. ॥ ૧૭ ॥

मालिनी

अहह विधिनियोगाच्छांभवं धामयाते ।
परमगुरु वरेण्ये शम्भुलालाभिधाने ॥
विकल करणवर्गः साम्प्रत हाहतोयम् ।
ननु नरवररत्ने जंगमे सज्जनौघः ॥१८॥

અરેરે દૈવગતીવડે પરમગુરૂમાં શ્રેષ્ઠ એવા શ્રી શંકરલાલ ગુરૂ શિવધામને પ્રાપ્ત થયા ત્યારે હમણા વિહ્વલ થયેલ ઇન્દ્રિયના વર્ગ વાળો સારા મનુષ્યનો આ સમુદાય ઉત્તમ નર રત્ન વગર ખરેખર હણાયો. ॥ ૧૮ ॥

पुष्पिताग्रावृत्तम्

शिव शिव शिव पर्वतं प्रयाति ।
सुहृदय शंकरलाल दैशिकेन्द्रे ॥
प्रलयमुपगतोऽद्य भारतक्ष्मा ।
मणिरिह जंगम एषहा महार्घः ॥१९॥

પંડિત વર્ય્ય સદ્ગુરૂ શંકરલાલ અરે શીવ ગીવ કૈલાસ પર્વત ગયા તો હવે ભારતભૂમિનો મહા અમૂલ્ય તથા જંગમ મણી નાશ પામ્યો. ॥ ૧૯ ॥

स्वागतावृत्तम् ॥

सद्गुरो विनयवारिधे त्वयिशाम्भवं पदमुपागतेऽधुना ॥
हाब्रुवन् नयन वारिवारिधौमग्न एष परिदूयते जनः ॥२०॥

વિનયના સમુદ્ર હે સદ્ગુરૂ તમો હમણા શિવધામ પ્રાપ્ત થયે આ સમય મનુષ્ય હા શબ્દને બોલતો નયનના જલના સમુદ્રમાં મગ્ન થઇ અત્યંત શોકાકુલ થાય છે. ॥ ૨૦ ॥

त्यक्त्वावपुस्त्वधिगतः खलुदीव्यदेहं ।
भौमंविहाय गृहमीशगृहं प्रविष्ठः ॥
हित्वाल्प सौख्यमिह मुक्ति सुखं गतोसि ।
हाहातथापि विरह स्तवदुःखदोनः ॥२१॥

પાર્થિવ દેહ તજી દીવ્ય દેહને પામ્યા તેમજ ભૂમીનું ઘર તજી શીવધામમાં પ્રવેશ કર્યો તથા અહીંનું અલ્પ સુખ તજી ઉત્તમ મુક્તિ સુખને પ્રાપ્ત થયા છો તોપણુ તમારો વિયોગ અમોને દુઃખ આપનાર છે.

उपजाति

कृपाकला लब्ध महाप्रबोधा वेदान्त शास्त्रार्णवजाततलगाः ॥
मुमुक्षवस्तेबहवः सुदीनाविनाभवन्तं विलपन्ति नित्यम् ॥२२॥

તમારી થોડી પણ કૃપાવડે થયેલ સારા બોધવાળા તથા વેદાન્ત રૂપ સમુદ્રમાં હમેશ રહેનારા અનેક મુમુક્ષુ જનો તમારા વિના દીનની પેઠે વિલાપ કરે છે. ॥ ૨૨ ॥

रथोद्धता

भारती हृदयमन्दिरप्रभौ स्वर्गतेत्वयि गुणाकरेऽधुना ॥
अर्पयिष्यतिविधाय कस्यधी छात्रएष करयोः स्वकाव्यकम् ॥२३॥

શ્રી શારદાના હૃદયાધીશ તમો ગયા ત્યારે હવે નવુ તથા નાનુ એવું કોઇપણ કાવ્ય રચીને આ વિધાર્થી કેના હસ્તકમલમાં આપશે. ૨૩

शिखरिणीवृत्तम् ॥

विलीनः सर्वेषां सुकृतकृत कल्पद्रुरसकौ ।
द्रुतंह्याविर्भूतोदुरितचय आनंद दहनः ॥
ककालंनेष्यामः क्षणमपिवियोगः सुविषमः ।
जगज्जालं जातं झटितिविषपूरप्लुतमिदम् ॥२४॥

બધાયના પુણ્યથી મળેલ આ કલ્પદ્રુમ નાશ પામ્યો ને તરત આનંદને બાળનાર પાપનો સંચય પ્રગટ થયો. ક્ષણુ માત્રનો વિયોગ પણ દુઃસહ છે તો હવે સમય ક્યાં કાઢશું ને વિષના સમુદાયથી સંપૂર્ણ હોય એવું આ જગત થયું છે. ॥ ૪ ॥

उपेन्द्र०

अयंस साध्वीगण एष सेवाविधानविज्ञः सुविचक्षणस्ते ॥
प्रतीक्ष ते सद्गुरुवर्यरत्न प्रतिक्षणं पूज्यतमं भवन्तम् ॥२५॥

સેવાની વિધિમાં પરાયણ તથા સમજુ એવો આ સાધ્વી જનનો સમુદાય હે સદ્‌ગુરૂમાં રત્નરૂપ આપને ક્ષણે ક્ષણે સંભાળે છે. ૨૫

गुरोर्गुणाकृष्ट मनोमिलिन्दा विद्यावधू लुब्धतम स्वभावाः ॥
विज्ञाबृहन्तः सुहृदस्त्वदीयाविदेशगाः काव्यमुखैरुदन्ति ॥२६॥

વિદ્યારૂપ વધૂમાં અત્યંત લુબ્ધ સ્વભાવવાળા તથા તમારા ગુણોવડે ખેંચાયેલ છે. મનરૂપી ભમરા જેઓના એવા મોટા વિદ્વાનો પણ પરદેશમાં રહેલા તમારા મિત્રો કવિતારૂપ મુખવડે વિલાપ કરે છે. ॥ ૨૬ ॥

वैतालीयवृत्तानि ॥

अयि शंकरलाल सद्‌गुरोत्वयियाते शिवधाम मंगलम् ॥
विलपन्तिजना विचक्षणा अपिभूमौ सहसाश्रुलोचनाः ॥२७॥

હે સદ્‌ગુરૂ શંકરલાલ તમો પવિત્ર શીવ ધામ ગયા ત્યારે સુજ્ઞ મનુષ્યો પણ પૃથિવી ઉપર એકદમ આંખમાં અશ્રુવાળા થઇ વિલાપ કરે છે. ॥ ૨૭ ॥

प्रलयं प्रगतंगते गुरो ।
त्वयि काव्यालय शिल्प नैपुणम् ॥
कविता वनिताद्य रंडिता ।
दिगहो भारत पश्चिमाप्यसौ ॥२८॥

તમો ગુરૂશ્રી ગયા ત્યારે કાવ્ય રૂપ મંદિરનાં શિલ્પની ચાતુર્યતા ગઇ તથા કેવળ કવિતા રૂપી વનિતા રંડાણી તેમ નહી પણ હિંદુસ્તાનની પશ્ચિમદિશા પણ રંડાણી. ॥ ૨૭ ॥

परमा रस राजि रंजिता ।
सुपदा कोमल शब्द मंजुला ॥
जननीव सुबोध रत्नदा ।
कविता हा विलयाय संगता ॥२९॥

રસની પંક્તીવડે શોભીતી ઉત્તમ સારા પદવાળી અને કોમળ શબ્દવડે શોભીતી તથા માતાની પેઠે સારા બોધરૂપ રત્નને આપનારી કવિતા અરે નાશ વાસ્તે થઇ. ॥ ૨૯ ॥

शिवपत्तन पंडिताननां— ।
म्बुजशालास्थ सरस्वतीरितम् ॥
कविराज शिरोमहाभणि— ।
रितिते ताद्धिरुदं निराश्रयम् ॥३०॥

શ્રી કાશીપુરીના પંડીતોના મુખરૂપ કમલગૃહમાં રહેલા શ્રી શારદાજી આપેલા આ કવિરાજ શિરોમણી એવું આપેલું તમારૂં પદ અરે આધાર વગરનું થયું. ॥૩૦॥

करुणा वरुणा लयोगतो ।
मनसोमार्दव मद्भुतं गतम् ॥
विधिना विगलद् घृणेन हा ।
मुषिता सद्गुण रत्न पेटिका ॥३१॥

કરૂણાનો સમુદ્ર ગયો મનનું અદ્ભુત કોમળપણું ગયું દયા વગરના દૈવે સારા ગુણ રત્નની પેટી અરે ચોરી લીધી. ॥ ૩૧ ॥

शिव भक्ति रथोत्तमा धुना ।
पतिताक्षी कदलीव ताडिता ॥

भवदुःख महौषधिः शुभा ।
किलकालेन निजालये धृता ॥३२॥

પૃથ્વી ઉપર કાપેલ કેળ જેમ પડે તેમ ઉત્તમ શીવભક્તી આજે પડી સંસારના દુઃખની મોટી ઔષધી ખરેખર દૈવે પોતાને ઘેર લઇ લીધી. ॥૩૨॥

तरितुं निगमान्त वारिधिम् ।
तरणित्वे परिकल्पित स्तुयः ॥
समहान्निह मुक्तबंधनो
विधि वातेन परोक्षतां गतः ॥३३॥

વેદાન્તરૂપ સમુદ્ર તરવાને વહાણરૂપ જે નિમાયેલ હતા તે દૈવરૂપ પવનવડે પરોક્ષપણાને પ્રાપ્ત થયા. ॥૩૩॥

प्रणतप्रिय तावकाजनाः
नयनस्रावि जलौघ पीडिताः ॥
परिमूर्छित हृत्सरोरुहः
किमुपेक्ष्या भवता कथंचन ॥३४॥

દીનબંધુ તમારા મનુષ્યો આંખના અશ્રુવડે પીડાયલા છે. તથા મુંઝાતા હ્રદયવાળા છે તો શું તમારે ઉપેક્ષા કરવાના છે. ॥ ૩૪ ॥

मायिकाल कृपांकुरान्तक ।
हरता मध्यम लोक भूषणम् ॥
बत संरुत मेव न स्त्वया ।
सुखमद्वैत रस प्रमोदकम् ॥३५॥

અરે થોડી કૃપાના પણ નાશ કરનાર દૈવ તે ભૂમિના ભૂષણ રૂપ ગુરૂને હર્યા ને અમારૂં સમગ્ર અદ્વૈત રસના આનંદને આપનારૂં સુખ હર્યું. ॥ ૩૫ ॥

पथिडिंभ गणः प्रतीक्षते ।
परिमुक्तान्य समुद्यमोनतः ॥
तव पादयुगं हि सेवितुं ।
शुभ विद्या फल लुब्ध मानसः ॥३६॥

તજી દીધેલ છે બીજું કાર્ય જેને અને નમ્રતાવાળો તથા સારી વિદ્યાને ઇચ્છતો બાલકનો સમુદાય હે ગુરૂશ્રી આપના ચરણ કમલના યુગ્મને સેવવાને રસ્તામાં રાહ જુવે છે. ॥ ૩૬ ॥

विरता ननु हा सुशीलता ।
सह सौजन्य गणेन संचिता ॥
तदपि द्रुतमेव दूरतां ।
गतमेव प्रतिभाव धानकम् ॥३७॥

સૌજન્યતા સમુદાયવડે સાચવેલું સુશીલપણું અરે નાશપામ્યું તથા બુદ્ધિનુ અવધાનપણું પણ તરત દૂર ગયું. ॥ ૩૭ ॥

क्वानुते सुचरित्र सागरः ।
क्वचमे वाचिकमल्पकंनवम् ॥
तदपि कृत मेव यन्मया ।
परितोषाय तवस्तुते गुरो ॥३८॥

તમારા સારા ચરિત્રનો સમુદ્ર ક્યાં ને મારૂં આ નવું તથા અલ્પ બોલવું તે ક્યાં તોપણ જે કાંઇ મેં કરેલ છે તે સઘળું તમારી પ્રસન્નતા વાસ્તે હે ગુરૂ થજો. ॥ ૩૮ ॥

द्रुतविलंबितम्

गुण हयांकधरा प्रमितेऽब्दके ।
शित मयूरख दिनेन्स्थ दले शुचौ ॥
अयमरं गुरु शोकं गुरु स्तवो ।
गुरु कृपा फलयाब्धितिथौ कृतः ॥३९॥

૧૯૭૩ના આષાડ વદ ૪ને સોમવારે ગુરૂશ્રી કૃપાવડે આ શોકોદ્ગારના પદ્યો કર્યાં. ॥ ૩૯ ॥

शार्दूलविक्रीडितम्

विद्वांसः परिशोधयन्तु कविता स्वल्पांमदीयांनवाम् ॥
खेदः साम्प्रतमेव मेन भविता चित्तारविन्दालये ॥
द्रष्ठा राजगृहे वरान्नमधनः किंकोद्रवं स्वालये ॥
नीतं दूरतरं विमुंचति तथाग्राह्यामयेयं कृति ॥४०॥

હે પંડીતો આ મારી નવી તથા સ્વલ્પ એવી કવિતાનુ શોધન કરજો હમણા મારા હૃદયકમલમાં ખેદ થવાનો નથી. રાજ્યભુવનમાં ઉત્તમાન્ન દેખી દરીદ્રી પુરૂષ પોતાના ઘરમાં લઇ રાખેલ ક્ષુદ્ર (હલકા) અન્નને શું દૂર તજે છે, નહિ તેમજ આ રચના મારે ગૃહણુ કરવા લાયક છે. ॥ ૪૦ ॥

वसन्ततिलका

श्रीमत्कुबेर तनयेन रतीशशत्रो—
र्भृत्येन शुक्ल पुरुषोत्तम संज्ञकेन ॥
श्री सद्गुरु विरह तप्त हृदम्बुजेन ।
पद्यानि शोक बहुलानिकृतानिविज्ञाः ॥४१॥

મહાદેવના ભક્ત કુબેરજી શુક્લના પુત્ર પુરૂષોત્તમે સદ્દગુરૂના વિરહથી તપેલ મનવાળાએ આ ઘણા શોકવાળા પદ્યો રચેલા છે એમ પંડિતોએ જાણવું. ॥ ૪૧ ॥

इत्यलपल्लवितेन

संवत १९७३ वैशाख शुक्ल पूर्णिमायां रवौ ॥

मोरवी.

શિઘ્ર કવિ શાસ્ત્રીજી શંકરલાલ માહેશ્વરને મહા મહોપાધ્યાયનો ખિતાબ મળ્યો ત્યારે આપેલું અભિનન્દન.

(રચનાર:—ભાઈશંકર કુબેરજી શુક્લ.)

શાર્દૂલવિક્રીડીત.

શ્રી માહેશ્વર પુત્ર શંકર સમા વાગીશ્વરી ના તનુ,
શંકરલાલ સમર્થ શિઘ્ર કવિશ્રી વિદ્યા ન કેરા ગુરૂ;
દીપાવ્યું પુર મોરબી જગતમાં વિદ્યાતણા તેજથી,
પામ્યા માન મહાન આંગ્લ નૃપથી, શ્રીસંસ્કૃતા વાણીથી.—૧

વાસો મુરબીમાં ખુણે બહુ દુર, શું રત્ન ઢાંકયું પડયું,
ત્યાંથી તિવ્ર ચકોર રાજસમીપે, શોધી પ્રકાશે ધર્યું;
આ ન્હાના દ્વિપકલ્પમાં પ્રથમતો, આ માન આપે લહ્યું,
ને તેમાં વળી મોરબી પુરતણું, સુભાગ્ય પ્હેલું થયું.—૨

સર્વે મોરબી વાસીઓ ઉલટથી, હર્ષીત થાઓ અતિ,
આપુ હું અભિનન્દન નમી નમી, જીવો બહુ હે યતિ;
ઠો શાન્ત સ્વભાવ નમ્ર અતિશે, ને શંભુમાં રક્ત જે,
ી શંકરલાલ શિઘ્ર કવિને, પાયે નમું હું પ્રીતે.-

મહા મહોપાધ્યાય શિઘ્ર કવિ શાસ્ત્રીજી શંકરલાલ માહેશ્વરના અવસાન માટે શોકોદ્‌ગાર.

(રચનારઃ—ભાઇશંકર કુબેરજી શુકલ.)

વસન્તતિલકા.

આજે ગયો મયુર પુરી તણો પ્રકાશ,
વિદ્યા તણો શશી ગયો કરી અંધકાર;
રે શુકલ કૃષ્ણ તણી ભ્રાન્તી હતી ન આંહી,
આજે જતાં સકળ કૃષ્ણ થયા ઉદાસી.—૧

માર્તંડ મિત્ર ગટુલાલજી દેવ થાતાં,
શ્રી સંસ્કૃતા ઠરી હતી નકી મોરબીમાં;
હા ! કાળથી દૂર ગયાં. રડતી સુવિદ્યા,
કોઇ નથી સુ તનુ સંસ્કૃતના રસીલા.—૨

રાજા પ્રજા સકળ ખિન્ન થયાં અતિશે,
શું શહેરનું પરમ જ્યોતિ વિલોપ થાયે !;
થાશે ન શિઘ્ર કવિ કોઇ સમર્થ એવા,
સૌરાષ્ટ્રમાં નહીં શું રે પ્રીય સંસ્કૃતા હા—૩

હે નાથ ! તે પરમ તત્વની શાન્તી હોજો,
તેની પ્રસાદી રૂપ કિંચિત તેજ રે'જો;
પ્રીતે સ્તવે સકળ શિષ્યજનો ગુરૂના,
રહેજો પ્રભુપદ વિશે ગુરૂરાજ ભીના.—૪

॥ સમાપ્ત ॥